# Foreign Secretary's Conference Call with counterparts from Indo-Pacific Countries

March 20, 2020

## વિદેશ સચિવનો ઈન્ડો-પેસિફિક દેશોનાં સમકક્ષો સાથે કોન્ફરન્સ કૉલ

માર્ચ 20, 2020

કોવિડ-19 નો સામનો કરવા સંબંધિત મુદ્દાઓ પર ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં કેટલાક દેશો વચ્ચે ચર્ચાઓ માટે યુએસનાં ડેપ્યુટી સેક્રેટરી ઑફ સ્ટેટ સ્ટીફન બીગુન દ્વારા 20 માર્ચ 2020 નાં રોજ પહેલ કરવામાં આવેલા ટેલીફોનિક કોન્ફરન્સ કૉલમાં વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રૃંગલાએ ભાગ લીધો હતો. ટેલીકોન્ફરન્સમાં ઓસ્ટ્રેલિયા, કોરીયા ગણરાજ્ય, વિયેતનામ, ન્યુઝીલેન્ડ અને જાપાનનાં વરિષ્ઠ પ્રતિનિધિઓ સામેલ થયા હતા.

સહભાગીઓએ કોવિડ-19 સંદર્ભમાં વર્તમાન પરિસ્થિતિની તેઓની આકારણીઓનું આદાન-પ્રદાન કર્યું હતું, અને તેનાં ફેલાવાને નાથવા માટે તેઓનાં પ્રયાસોને સંયુક્ત રીતે કરવાનાં માર્ગોની ચર્ચા કરી હતી.

વિદેશ સચિવ શ્રૃંગલાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભારત દ્વારા રાષ્ટ્રિય સ્તરે અને સમગ્ર પ્રાંતમાં લેવામાં આવેલા સક્રિય પગલાઓ અંગે સહભાગીઓને સંક્ષિપ્તમાં જાણકારી આપી હતી. તેણે પ્રાંતમાં સહભાગીઓ સાથે દ્રષ્ટિકોણોનું નિયમિત આદાન-પ્રદાન કરવાની અને આ પડકારનો સામનો કરવા સાથે મળીને કામ કરવાની ભારતની ઈચ્છા વ્યક્ત કરી હતી. સહભાગીઓ સાપ્તાહિક ધોરણે કોન્ફરન્સ કૉલ ચાલું રાખે તેવું અપેક્ષિત છે, જેમાં રસી વિકસાવવામાં સહકાર, ફસાયેલા નાગરિકોનાં પડકારો, જરૂરીયાતમંદ દેશોને સહાયતા અને વૈશ્વિક અર્થવ્યવસ્થા પરની અસર દૂર કરવી વગેરે જેવા મુદ્દાઓ આવરવામાં આવશે.

**નવી દિલ્હી**
**માર્ચ 20, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.